સવારે ગાઢ ધુમ્મસ છવાતા વિઝિબીલિટીમાં ભારે ઘટાડો

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ અમરેલી જિલ્લામાં પડી રહેલી કડકડતી ઠંડી વચ્ચે ગઈકાલ અને આજે વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાતા વિઝિબલિટીમાં ભારે ઘટાડો જોવાં મળતાં રાહદારીઓ તથા વાહન ચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતાં. પરિણામે વાહન ચાલકોએ પણ સવાર સવારમાં વાહનોની લાઈટો ચાલુ કરવા છતાં પણ રસ્તા પર કંઈ જ ના દેખાતું ના હોય તેવી ગાઢ ધુમ્મસની ચાદરો છવાઈ હતી.

અમરેલીના ચિતલ,લાઠીથી અમરેલી સહિતના હાઈવે પર પડી રહેલી કડકડતી ઠંડી વચ્ચે ગઈકાલ અને આજે વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાતા વિઝિબલિટીમાં ભારે ઘટાડો જોવાં મળતાં રાજ્ય ધોરીમાર્ગો અને નેશનલ હાઈવે પર રાહદારીઓ તથા વાહન ચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતાં. પરિણામે વાહન ચાલકોએ પણ સવાર સવારમાં વાહનોની લાઈટો ચાલુ કરવા છતાં પણ રસ્તા પર કંઈ જ ના દેખાતું ના હોય તેવી ગાઢ ધુમ્મસની ચાદરો છવાઈ હતી.

અમરેલીમાં સવારે મૉર્નિંગ વૉકમાં નીકળેલા શહેરીજનોએ અમરેલીના ઠેબી ડેમ ઉપર કાશ્મીર જેવો આહલાદક વાતાવરણ જોવા મળતા સિનિયર સિટિઝન તથા યુવકોએ આનંદનો અહેસાસ કરતાં ખુશખુશાલ જોવા મળતા હતા.

૧૧ વર્ષથી ફરાર વિશ્વાસઘાત કેસનો આરોપી પકડાયોઃઅમરેલી LCBનું પંજાબમાં ઓપરેશન

અમરેલીઃઅમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ એ ૧૧ વર્ષથી વિશ્વાસઘાત અને છેતરપિંડીના ગુનામાં નાસતા ફરતા આરોપીને પંજાબમાંથી ઝડપી પાડ્યો છે. આ આરોપી પર રૂ. ૧૦,૦૦૦નું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. અમરેલી ન્જમ્ની ટીમે ટેકનિકલ સોર્સ અને વિશ્વસનીય બાતમીના આધારે આ સફળ ઓપરેશન પાર પાડ્યું છે.

ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં ટોચના નાસતા ફરતા આરોપીઓને પકડવા અને તેમના પર ઈનામ જાહેર કરવા અંગે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. આ અંતર્ગત, અમરેલીના જીઁ સંજય ખરાત દ્વારા જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા અને લાંબા સમયથી નાસતા ફરતા ટોપ-૧૦ આરોપીઓની યાદી તૈયાર કરવામાં આવી હતી. આ યાદીમાં સમાવિષ્ટ દરેક આરોપીને પકડી પાડવા રૂ. ૧૦,૦૦૦નું ઈનામ જાહેર કરાયું હતું.

અમરેલી LCB પી.આઈ. એ.ડી. ચાવડાની ટીમ

દ્વારા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના વિશ્વાસઘાત અને છેતરપિંડીના ગુનામાં છેલ્લા ૧૧ વર્ષથી નાસતા ફરતા, રૂ. ૧૦,૦૦૦ના ઈનામી આરોપીને પકડવા પંજાબ રાજ્યમાં ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. LCB પી.એસ.આઈ. કે.ડી. હડિયાની ટીમ પંજાબ પહોંચી હતી.

ખાનગી વોચ રાખીને ગુરદાસપુર જિલ્લાના ધારીવાલ તાલુકાના સંઘર ગામ નજીકથી પંજાબસિંગ ઉર્ફે દીપુ સકાતરસિંગ નાજરસિંગ જાટ (ઉંમરઃ ૩૬ વર્ષ, રહે. સંઘર ગામ, તા. ધારીવાલ, જિ. ગુરદાસપુર, પંજાબ)ને દબોચી લેવામાં આવ્યો હતો. આરોપીની અટકાયત કરીને તેને અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. રૂરલ પોલીસ દ્વારા આરોપીની પૂછપરછ હાથ ધરવામાં આવી છે કે તે અત્યાર સુધી ક્યાં ક્યાં ફરતો હતો. આ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ થયો છે. આ સફળ કામગીરી કરનાર ન્જમ્ ટીમને રૂ.૧૦,૦૦૦નું ઈનામ મળશે.

આ ટીમમાં LCB પી.આઈ. એ.ડી. ચાવડા, પી.એસ.આઈ. કે.ડી. હડિયા, પી.એસ.આઈ. એમ.ડી. ગોહિલ, પી.એસ.આઈ. જે.ડી. વાઘેલા, રાહુલભાઈ ઢાપા, મહેશભાઈ મુંધવા, તુષારભાઈ પાંચાણી અને હરેશભાઈ કુંવારદાસનો સમાવેશ થાય છે. અમરેલી જિલ્લા પોલીસ વડાએ ટીમને અભિનંદન આપી પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે નાસતા ફરતા આરોપીઓ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે.

રાજુલા પી.આઈ. કોલાદરાએ વાવેરામાં સભા યોજી

સાયબર ક્રાઈમ, ૧૧૨ ઈમરજન્સી સેવા પર માર્ગદર્શન આપ્યું

રાજુલાઃરાજુલાના પી.આઈ. કોલાદરાની ઉપસ્થિતિમાં વાવેરા ગામે 'વિલેજ વિઝીટ' કાર્યક્રમ અંતર્ગત જનજાગૃતિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાવેરા ગ્રામ પંચાયત ખાતે યોજાયેલી આ બેઠકમાં ગામના આગેવાનો, યુવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

પી.આઈ. કોલાદરાએ ગ્રામજનોને ૧૧૨ ઈમરજન્સી સેવા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત, વર્તમાન સમયમાં વધી રહેલા સાયબર ક્રાઈમ સંબંધિત ગુનાઓ અંગે પણ તેમણે સરળ ભાષામાં ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, જે ગ્રામજનો માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે.

ઉલ્લેખનીય છે કે પી.આઈ. કોલાદરા અગાઉ પણ રાજુલામાં ફરજ બજાવી ચૂક્યા છે. તેમની કાર્યદક્ષતા, જનમૈત્રીપૂર્ણ અભિગમ અને નિષ્પક્ષ સેવાભાવનાને કારણે લોકોમાં તેમની સારી છાપ છે. રાજુલામાં તેમની ફરીથી નિમણૂક થતાં ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.આ પ્રકારની જનજાગૃતિ સભાઓ પોલીસ અને જનતા વચ્ચે વિશ્વાસનો સેતુ મજબૂત બનાવવામાં મદદરૂપ થાય છે. વાવેરા બીટમાં ફરજ બજાવતા એ.એસ.આઈ. બહાદુરભાઈ વાળા અને લાલભાઈ સહિતના સ્ટાફની કામગીરી પણ સરાહનીય હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું.

અમરેલી નજીક આવેલ જાળીયાના સોલંકી પરિવાર દ્વારા અવસાન બાદ વૃદ્ધ બાનું દેહદાન કરાયું

ગ્રામ્ય વિસ્તારમાંથી માનવસેવાનો પ્રેરણાદાયી દાખલો, સમગ્ર સોલંકી પરિવારનો દેહદાનનો ભગીરથ સંકલ્પ

અમરેલીઃઅમરેલી તાલુકાના જાળીયા ગામના રહેવાસી સોલંકી પરિવાર દ્વારા માનવ કલ્યાણ તથા મેડિકલ અભ્યાસના હિતાર્થે દેહદાન કરી સમાજ માટે પ્રશંસનીય ઉદાહરણ રજૂ કરવામાં આવ્યું છે.

જિલ્લા ભારતીય જનતા પાર્ટી અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી સંદીપભાઈ સોલંકીના દાદી તથા ખોડાભાઈના ૮૫ વર્ષના માતા શ્રીમતી રાણીમાં સોલંકી બીમાર હોવાથી અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. સારવાર દરમિયાન તેમનું ગત તા.૮ જાન્યુ.ના રોજ ટૂંકી બીમારીના અંતે અવસાન થયું હતું.

પરિવારજનોએ તેમના

અવસાન બાદ માનવ કલ્યાણ અને મેડિકલ ક્ષેત્રના અભ્યાસાર્થે દેહદાન કરવાનો સંકલ્પ લઈ સમાજને સકારાત્મક સંદેશ આપ્યો હતો. અવસાન બાદ સ્વજનો તથા ગ્રામજનોના દર્શનાર્થે વ્યવસ્થા રાખી હતી. અને ત્યારબાદ તા.૯ જાન્યુઆરીના રોજ શાંતાબા મેડિકલ કોલેજ ખાતે શ્રીમતી રાણીમાં સોલંકીનો દેહ વિધિવત રીતે દેહદાન કરવામાં આવ્યો હતો.

ઘરના શિતળ વડલા સમાન માતાના અવસાન બાદ સમગ્ર સોલંકી પરિવારે દેહદાન કરવાનો ભગીરથ સંકલ્પ કર્યો હતો.

ગ્રામ્ય વિસ્તારના સોલંકી પરિવાર દ્વારા કરવામાં આવેલું આ દેહદાન માનવસેવાની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે. આ દેહદાન થકી મેડિકલ વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી થવા સાથે ભવિષ્યમાં અનેક દર્દીઓના જીવનરક્ષણમાં સહાય મળશે. સમાજમાં દેહદાન અંગે જાગૃતિ ફેલાય અને વધુ લોકો આ પુણ્ય કાર્ય માટે પ્રેરાય તેવો સંદેશ આ પ્રસંગે પ્રાપ્ત થયો છે.

માનવ અને સિંહ વચ્ચે એક વિશ્વાસનો સેતુ દેખાડતો વીડિયો વાયરલ

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલીઃ અમરેલી જિલ્લામાં ધરોહર સમાન એશિયાટિક સિંહની સૌથી વધુ વસ્તી હોય, ત્યારે હવે આ એશિયાટિક સિંહ હવે ખોરાક અને પાણીની શોધમાં માનવ વસ્તીમાં ઘુસી આવે છે. ત્યારે ગીર કાંઠાના ગ્રામ્ય લોકોને સિંહ સાથે જાણે નાતો બંધાય ગયો હોય તેમ વર્તન થતું જોવા મળી રહ્યું છે. ત્યારે આવો જ એક નજરો ખાંભાના રબારીકા ગામે શિકારની શોધમાં ઘુસેલા ૪ સિંહો અને રાત્રીના ફરજ બજાવતા જી.આર.ડી. જવાનો સામે જ આ સિંહોએ ચક્કર લગાવ્યાં હતાં. આ માનવ અને સિંહ વચ્ચે એક વિશ્વાસનો સેતુ દેખાડતો વીડિયો વાયરલ થયેલ છે.



અમરેલી જિલ્લાનાં ગીર કાંઠાનાં ખાંભા પંથકમાં વન્ય પ્રાણીઓ જેવા કે, સિંહ અને દીપડા સામાન્ય રીતે હરતાં ફરતાં રહેતાં હોય છે. ત્યારે ગઈકાલે રાત્રીનાં સમયે ખાંભા તાલુકાના રબારીકા ગામે જી.આર.ડી. જવાનો પોતાના નાઇટ પેટ્રોલિંગમાં હતાં. ત્યારે આ રબારીકા ગામનાં એક ચોકમાં એકી સાથે ચાર ચાર સિંહનું ટોળું સામે આવી જવા પામેલ હતાં.

પરંતુ કાયમી રીતે આ પંથકમાં ફરજ બજાવતાં જી.આર.ડી. જવાનો અને કાયમી આ પંથકમાં વસવાટ કરતાં સિંહ વચ્ચે જાણે અનોખો વિશ્વાસનો સેતુ હોય તેમ એક બીજાથી પણ વિચલિત થયા વિના સિંહોએ આ જવાનો સામે ચોકમાં ચક્કર લગાવ્યાં હતાં.

બાદમાં આ જવાન સામે એક સિંહે તો રેતીના ઢગલા પર આરામ ફરમાવ્યો હતો. કોઈએ એક બીજાને કોઈ નુકશાન પણ પહોંચે તે રીતે સલામત અંતર જાળવ્યું હતું. આ સમગ્ર ઘટનાનો અદ્ભુત વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ છે.

બગસરામાં ધુળના ખોખા નાખવા મુદ્દે મહિલા પર લાકડી વડે હુમલો

અમરેલીઃબગસરાના નદિપરા વિસ્તારમાં ધુળના ખોખા નાખવા મુદ્દે મહિલાઓ વચ્ચે બઘડાટી થઈ હતી. અહીં મહિલા પર લાકડી વડે હુમલો કરવામાં આવ્યો હતો.જાહેરમાં મારામારી થતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. બગસરાના નદિપરામાં રહેતા શબનમબેન આસીફભાઈ અગવાન (ઉ.વ.૩૫)એ રેહાન હાસમભાઈ શાહમદાર, નુરીબેન હાસમભાઈ શાહમદાર અને આસીયાનાબેન હાસમભાઈ શાહમદાર સામે ગુનો નોંધાવ્યો હતો.

૧૬ જાન્યુઆરીના રોજ સાંજના છએક વાગ્યાના સુમારે રેહાન શાહમદાર અહીં રહેતા શબનમબેન અગવાનના ઘરની ડેલી પાસે ધુળ ભરેલા ખોખાનો ઘા કરી રહ્યો હતો. આ અંગે તેને ના પાડતા તે ઉશ્કેરાયો હતો.અહીં રેહાન શાહમદારે શબનમબેનને લાકડી વડે માર માર્યો હતો. આ ઉપરાંત નુરીબેન શાહમદાર અને આસીયાનાબેન શાહમદારે સુનેરાબેનને પણ માર માર્યો હતો.

જન આરોગ્ય સાથે ખિલવાડ : શહેરના લોકો જેનું પાણી પીવે છે તે ઠેબી ડેમમાં જ કચરાનો નિકાલ

અમરેલીઃઅમરેલી નગરપાલિકા દ્વારા એક તરફ શહેરમાં કચરા અને ગંદકીની યોગ્ય સફાઈ નહી કરીને જન આરોગ્ય પર ખતરો ઉભો કરાય રહ્યો છે.તેવા સમયે બીજી તરફ શહેરમાંથી ડોર ટુ ડોર અને કચરાના પોઈન્ટ પરથી ભેગી કરાતી ગંદકી ડમ્પીગ યાર્ડમાં ઠાલવવાના બદલે ઠેબી નદીના પટ્ટ અને પાણીમાં ઠાલવી જન આરોગ્ય સાથે રીતસર ખીલવાડ કરાઈ રહ્યો છે. કારણ કે શહેરના લોકો ઠેબી ડેમમાંથી પણ પાણી આપવામાં આવે છે.આમ તો અમરેલી નગરપાલિકાને મહિ પાઈપલાઈન યોજનામાંથી પાણી પુરૂ પાડવામાં આવે છે. પરંતુ નગરપાલિકા અવારનવાર ઠેબી ડેમમાંથી પણ પાણી ઉપાડે છે અને આવનારા ઉનાળાના સમયમાં પણ પાલિકાને ઠેબી ડેમમાંથી પાણી ઉપાડવું પડશે.

બીજા શબ્દોમાં શહેરના લોકો ઠેબી ડેમનું પાણી પીવાના ઉપયોગમાં લઈ રહ્યા છે. તેવા સમયે નગરપાલિકાના કોન્ટ્રાકટરો દ્વારા ડેમના

આ પાણીને દુષિત કરવામાં આવી રહ્યું છે અને પાલિકા સત્તાધીશો આંખ આડા કાન કરી રહ્યા છે.આમ પણ અમરેલી નગરપાલિકા દ્વારા શહેરમાંથી પુરતા પ્રમાણમાં ગંદકીની સફાઈ કરવામાં આવતી નથી. શહેરમાં જ્યાને ત્યા કચરાના ઢગ પડેલા હોય છે. શહેરમાં ફેલાયેલી આ ગંદકીના કારણે હાલમાં પણ શહેરમાં રોગચાળા જેવી સ્થિતિ છે. ઘરે ઘરે માંદગીના ખાડલા છે. તાવ, શરદી અને ઉધરસનો ભારે વાયરો છે.દવાખાનાઓમાં દર્દીઓની ભીડ છે. તેવા સમયે ડોર ટુ ડોર ઉઘરાવેલો કચરો અને ઉકરડામાંથી ઉપાડેલો કચરો ડમ્પીગ યાર્ડના બદલે ઠેબી ડેમના પટ્ટમાં અને પાણીમાં ઠાલવવામાં આવતા આ પાણી દુષિત બન્યું છે.

થોડા સમય પહેલા અહીં મોટા પ્રમાણમાં કચરો ઠાલવવામાં આવ્યો હતો. પાલિકાના સત્તાધીશોએ જવાબદારો સામે કોઈ પગલાં લીધા નથી. આ ગંભીર બેદરકારી સબબ દંડાત્મક કાર્યવાહી થવી જોઈએ.

અનુકંપા ફાઉન્ડેશન દ્વારા એક હજાર વડીલોને વિનામૂલ્યે યાત્રા, ૨૫૦ વડીલો સાથે ૫ બસ સોમનાથ-દ્વારકા જવા રવાના

રાજયસભાનાં સાંસદ ગોવિંદભાઈ ધોળકીયાએ યાત્રા પ્રવાસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલીઃ અમરેલીના અનુકંપા ફાઉન્ડેશનના૧૦૦૦ સીનીયર સીટીઝનોને સોમનાથ-દ્વારકાની ત્રણ દિવસની યાત્રા કરાવવાના અભિયાનના ભાગરૂપે ૨૫૦ વડીલો સાથેની પાંચ બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવાનો કાર્યક્રમ અમરેલી ખાતે યોજાયો હતો.

રાજયસભાના સાંસદ અને સુરતના ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝના ગોવિંદભાઈ ધોળકીયાના હસ્તે પ્રસ્થાન કરાવવાના આ કાર્યક્રમમાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંધાડ, અમરેલી માર્કેટ યાર્ડ અને નાગરિક બેન્કના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, પૂર્વ સેશન્સ જજ એ.ડી. મોગલ તથા આ યાત્રામાં અનુદાન આપનાર દાતાઓ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં અનુકંપા ફાઉન્ડેશનના પ્રમુખ અને આ સમગ્ર અભિયાનના પ્રેરણાસ્ત્રોત એવા ડો. ભરતભાઈ કાનાબારે કોરોના કાળથી પ્રવૃત

થયેલ તેમની સંસ્થાના વિવિધ પ્રોજેકટસ અને કાર્યક્રમો વિશે જણાવ્યું હતુ કે, કોરોના કાળમાં લગભગ દસ હજાર રાશન કીટો, એક લાખથી વધુ માસ્ક, સેનેટાઈઝર્સ, ઓકિસજન સેવા તથા કોરોનાના બીજા વેવ દરમ્યાન દર્દીઓને આવવા-જવા બે મફત એમ્બ્યુલન્સ શરૂ કરેલ. આ ઉપરાંત વિધવાઓને રાશન કીટનું વિતરણ, સીવીલ હોસ્પીટલના દર્દીઓમાં દર અઠવાડીયે ફ્રુટ-બિસ્કીટસના વિતરણ સાથે ભભદર્દીના હમદર્દભભનો કાર્યક્રમ અને કોરોના કાળમાં ખેતીના ધિરાણને જુનુ-નવું કરવા, ખેડૂતોને કામચલાઉ બ્રીજલોનઆપવાની વ્યવસ્થા વિશે માહિતી આપી હતી. સંસ્થાએ વડીલોને વિનામૂલ્યે તીર્થયાત્રા કરાવવાના અભિયાનમાં ફાઉન્ડેશનના જે સ્વયં સેવકો નિઃસ્વાર્થ ભાવે ખડેપગે સેવા આપે છે તેવા મધુભાઈ આજુગીયા, ભીખુભાઈ અગ્રાવત, નયનભાઈ જોષી (બેદી), ચેતનભાઈ રાવળ (એડવોકેટ), તુલસીભાઈ મકવાણા, ટોમભાઈ અગ્રાવત, કે.કે. મિશ્રા, કિરણભાઈ નાંઢા, કિશોરભાઈ કાંકેચા (આમ્રપાલી), પાર્થ મિશ્રા, ખીમચંદભાઈ, વિપુલભાઈ રાદડીયાનો ઉલ્લેખ કરતાં કહયું કે આ એક ટીમ વર્ક છે કારણ કે અઢીસો જેટલા સિનીયર સીટીઝનોની ત્રણ દિવસની રહેવા-સુવાની તથા જમાડવાની વ્યવસ્થા ખુબ ચીવટ અને મહેનત માંગી લેતી હોય છે. આ ઉપરાંત સંસ્થાના કાયમી શુભેચ્છકો તરીકે યાત્રાના આયોજનમાં હરહંમેશ ખડા રહેતા પ્રફુલભાઈ બાટવીયા, ભાવેશભાઈ સોઢા, હિતેષભાઈ પોપટ, વજુભાઈ ગોલ, રામજીભાઈ જાદવ (એડવોકેટ)નો ઉલ્લેખ કર્યો હતો.

યાત્રાના આયોજનમાં એસ.ટી. ડેપોના ડીવીઝનલ કન્ટ્રોલર ભાવેશભાઈ પટેલ, ડેપો મેનેજર એચ.એલ. દવે તથા મહેશભાઈ ભીમજીયાણીના સહકારનો પણ ઉલ્લેખ કર્યો હતો.

સંસ્થા વતી મહેમાનોનું સ્વાગત કરાયા બાદ અનુકંપા ફાઉન્ડેશન દ્વારા સાસંદ ગોવિંદભાઈ ધોળકીયાનું પત્ર દ્વારા સન્માન કરાયું હતું, જેમાં ગોવિંદકાકા દ્વારા થતાલોકહિતના અનેક સેવાકાર્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અને તેને સંસ્થા વતી ડો. કાનાબાર અને તેમની ટીમ દ્વારા ગોવિંદકાકાને અર્પણ કરવામાં આવ્યું હતું.

ત્યાર બાદ આ યાત્રામાં આર્થિક અનુદાન આપનારા બાબરા નાગરિક બેન્કના ચેરમેન હસુભાઈ પોપટ, આર્કિટેકટ અને એન્જીનીયર હિમાંશુભાઈ ધાનાણી, પ્રકાશભાઈ ધોળકીયા (નીલકંઠ જવેલર્સ), ભરતભાઈ સોનપાલ, બિલ્ડર અને કોન્ટ્રેકટર જીતુભાઈ વીછીયા તથા જીતુભાઈ જોગદીયા, શીતલ ઈન્ડસ્ટ્રીઝના દિનેશભાઈ ભુવા, શહેરના જાણીતા તબીબ ડો. ચંદ્રેશભાઈ ખુંટનું સંસ્થા વતી ગોવિંદભાઈ ધોળકીયા અને મહેમાનોએ મોમેન્ટો આપી સન્માન કર્યુ હતુ.

ત્યારબાદ સમારંભના મુખ્ય મહેમાન ગોવિંદભાઈ ધોળકીયાએ પોતાના વકતવ્યમાં અનુકંપા ફાઉન્ડેશનની પ્રવૃતિઓને બિરદાવી હતી. પોતાના વકતવ્યના પ્રારંભમાં ગોવિંદકાકાએ ગીતાના શ્લોકોનું ગાન કરતાં સમગ્ર વાતાવરણ ભકિતભાવભર્યુ થઈ ગયું હતું. ગોવિંદભાઈએ યાત્રિકોને સંબોધતા કહ્યું કે, તમારાં માટે આ પ્રવાસ કદાચ પહેલો હોય કે અગાઉ પણ તમે જઈ આવ્યાં હો, પરંતુ, આટલા બધા સાથે પ્રવાસ કરવાની તક મળવાથી નવી ઓળખાણો થશે, નવા સબંધો બંધાશે. પોતાના પ્રવચન અગાઉ, કાર્યક્રમ શરૂ થયો તે પહેલાં, ગોવિંદકાકાએ તમામ યાત્રિકોને વ્યકિતગત મળી તેમના ખબર અંતર પુછ્યાં અનેતેમની સાથે હસી મજાક કરી હતી.

હીમખીમડીપરામાં એક શખ્સે લગ્ન કરવાની ધમકી આપતા સગીરાએ એસીડ ગટગટાવ્યું

અમરેલીઃ ધારીના હીમખીમડીપરામાં એક શખ્સે ૧૭ વર્ષિય સગીરાને લગ્ન કરવા ધમકી આપતા એસીડ ગટગટાવી લીધું હતું. જેના કારણે સગીરાને સારવાર અર્થે પ્રથમ ધારી અને બાદમાં વધુ સારવાર અર્થે અમરેલી ખસેડવામાં આવી હતી.

આ અંગે ધારી પોલીસ મથકમાં ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. હીમખીમડીપરામાં રહેતી ૧૭ વર્ષિય સગીરાના પરિવારે ચલાલાના સંજય પાટડીયા સામે ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે સંજયે સગીરાને લગ્ન કરવા ધમકી આપી હતી. તેમજ સગીરાના ભાઈને પણ અપશબ્દો આપી મારી નાખવાની ધમકી આપી હતી.જેના કારણે સગીરાએ ૧૭ જાન્યુઆરીના રોજ બપોરના સમયે એસીડ પી લીધું હતું. પ્રથમ ધારી અને બાદમાં વધુ સારવાર માટે અમરેલી ખસેડાઈ હતી.

મઢડા ગામે ઉચાપત તથા દબાણ મુદ્દે ઉપસરપંચે ટીડીઓને રજુઆત કરી

સાવરકુંડલાઃસાવરકુંડલા તાલુકાના મઢડા ગામના ઉપસરપંચ હારૂનભાઈ દલે ગામનાં સરપંચ નાજાભાઈ કરશનભાઈ સરવૈયાએ અનુસુચિત જાતિ વિસ્તારમાં પ્રોટેક્શન વોલનું કામ સ્વભંડોળના નાણાની રકમ ચાલીસ હજાર તારીખ ૦૧/૦૪/૨૦૨૩નાં રોજ ઉપાડી વાપરેલ હોય તથા મઢડા ગામે રહેણાંકી વિસ્તાર ન હોવા છતાં ભોકરવાના રસ્તે બિન ઉપયોગી ગટર કામ રૂપિયા ૪.૫૦ લાખની આસપાસ રકમનું કરવામાં આવેલ તે અંગે તપાસ થવા રજૂઆત કરી છે.રજૂઆતમાં જણાવ્યું છે કે મઢડા ગામમાં ક્યારેય સફાઈ થતી નથી અને માસીક બે હજાર ટ્રેક્ટરનાં ડ્રાઈવરને ચુકવવામાં આવે છે.સરકારે ગ્રામસભા જાહેર કરેલ હોવા છતાં તેનું પાલન કરવામાં આવતું નથી.સરપંચ તથા તેના અંગત માણસોએ ગામતળ, ગૌચરણમાં કરેલ દબાણો ખુલ્લા કરાવી યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરવા તાલુકા વિકાસ અધિકારીને પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી.પંદર દિવસમાં ગ્રામજનોની માંગણી મુજબ યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરવામાં નહી આવે તો ઉપવાસ આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ તેમણે આપી છે.